







બનાવટી સભ્ય સંખ્યાનો ઓટો-ગોટો છે!
બોદા પ્રચારના પાયે, આખો પક્ષ ખોટો છે,
તોટો છે વિશ્વસનીયતાનો કાર્યકરોમાં -
ફૂંગે બણગા, 'વિશ્વમાં' પક્ષ સૌથી મોટો છે..
(શ્રી પ્રકાશ શાહે પોલ ખોલી..)




ઘટે પૈસા માં -
ને વધે રૂપિયામાં -
પેટ્રોલ ભાવ..
(મિયાં ભરે મુઠ્ઠે.. નો તાલ)

રામદેવનો
દવા-વેંચાણ ક્ષેત્રે
પ્રચાર-યોગ..
(સરકારી એમ્બેસેડર)

## ચિંતન

**સ જીવતિ ગુણા યસ્ય ધર્મો યસ્ય જીવતિ । ગુણ-ધર્મા વિહીનોઃ યો નિષ્ફલં તસ્ય જીવિતમ્ ॥**

'જે ગુણવાન છે તેનું 'જીવવું' જીવન યથાર્થ છે અને જે ધાર્મિક છે ધર્મ ને અનુસરે છે એનું જીવન પણ યથાર્થ છે. પરંતુ ગુણો અને ધર્મ બંને જેની પાસે નથી એનું જીવન તદ્દન નિષ્ફળ-નકામું છે.'

જીવનમાં ઇશ્વરની બીક એટલે કે એવું કોઇક તત્ત્વ છે જે આપણાં સારાં-નરસાં કર્મો પર નજર રાખે છે એવો વિશ્વાસ-ભય આપણને અને આપણા આત્માને સાવચેત જાગૃત રાખે છે જેથી આપણે ભૂલેચૂકે પણ કુમાર્ગે પણ આપતાં રોકે છે. જીવનમાં ઇશ્વરને સાક્ષીમાં રાખી બધાં કર્મો - સત્કર્મો કરવાં એનું નામ છે ધર્મ-ધાર્મિક જીવન.

કોઇ દુરાચાર-વ્યસન-કૂડકપટ નહીં. સરળ અને સત્ય પર આધારિત જીવન જીવવું એનું નામ સદ્ગુણી જીવન.

ધર્મ અને સદ્ગુણો સહ જીવનાર વ્યક્ત અંતે એનું જીવન એ જ સાચું જીવવું છે આ બે વિના તો જે વિચારી નથી શકતાં એ પશુ-પંખી પણ જીવે જ છે ને? ખાવું-પીવું-સૂઇ જવું એ જીવન નથી.

## સુવિચાર

- કઠીન સમય તમારી શ્રેષ્ઠતાઓ ને કસે છે.. સુખદાયી સમય દુનિયાની શ્રેષ્ઠતા તમારા સુધી લાવે છે.. જીવન બંનેનું મિશ્રણ છે **- જન કલ્યાણ**
- ગિરના ભી તો અચ્છા હૈ, ઔકાત કા પતા ચલતા હૈ, બઢતે હૈ જબ હાથ; લોગો કે ઉઠાને કે લીયે તબ અપનો કા પતા ચલતા હૈ **- તાહીર ફરાઝ**
- આત્મવિશ્વાસ વગર કોઇ કામની સફળ થવાની કલ્પના કરવી એ પોતાની જાતને ગુમરાહ કરવા સમાન છે **- સરદાર પટેલ**
- જો રોગ ફેલાઇ શકતો હોય તો પ્રેમ, શાંતિ અને સાસ્વત આનંદ કેમ ફેલાઇ ન શકે? હળીમળીને બધું જ શક્ય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- આપણા મન પર જો આપણો ભરોસો હોય તો આપણે પણ ભગવાન, તમે જયારે ચાર હાથથી વહેંચશો તો તમે પણ પૂર્ણરૂપથી ભગવાન બની જશો **- મોરારિ બાપુ**
- જે માણસ દયા પરોપકારમાં રિક્ત હોય તેનું કળીયુગ પણ કંઇ બગાડી શકતો નથી **- અખંડ આનંદ**
- ભલે તમે નીતિથી બનાવેલી સુવર્ણમય દ્વારકા નગરીમાં રહેતા હોય પરંતુ તેમાં પણ સુદામા ને ભૂલશો નહીં **- નીતિસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઘણીવાર જે દેખાય છે તે પણ સત્ય નથી હોતું કોઇ માણસનું ગાંભીર્ય - ઔદાર્ય પણ સમજવું ઘણીવાર મુશ્કેલ હોય છે. જિંદગીની કોયડા જેવી ઘટનાઓ ક્યારેક આપોઆપ ઉકલે ત્યારે આપણને આંચકો આપી જતા હોય છે..

ટ્રેનમાં ગૂમસૂમ બેઠેલો પિતા, તેના બે પુત્રો અને એક પુત્રી સાથે ટ્રેનના ડબ્બામાં મુસાફરી કરતાં હતાં છોકરા જુદી જુદી જાતની રમતો અને હસી મજાકમાં સમય પસાર કરતાં હતા. રમતમાં નાનો ભાઇ વધારે મસ્તીખોર હતો. રમતમાં ખેલકૂદના નિયમ ભંગ કરતો હતો તેથી ઉગ્ર વિવાદ સાથે નાની ઝપાઝપી પણ થતી હતી...

પરંતુ ગૂમસૂમ બેઠેલા પિતા પર એની કોઇ જ અસર ન હતી. જયારે નાની બેનનો ચોટલો ખેંચવા લાગ્યો ત્યારે સહ-પેંસેજરથી ન રહેવાયું - એણે તેમના બાપને કહ્યું, તમે કેવા માણસ છો! છોકરા મારામારી કરે છે છતાં તમે એને કેમ કંઇ કહેતા નથી...

પુરુષ કહે - મારી પત્ની, આ લોકોની મા, પિયરમાં મૃત્યુ પામી છે. એમને મેં કહ્યું નથી. એમની આ ક્ષણિક ખૂશી છે છીનવી લેવા માગતો નથી. ઘેર ગયા પછી એમને જિંદગીભરના દુઃખ-આઘાત સહન કરવાના જ છે..

...અને ટ્રેનના ડબ્બા પાસેથી ધકધક કરતી ફાસ્ટ ટ્રેન પસાર થઇ. બધાંને ધ્રૂજાવી ગઇ..

Email - sureshchandrabhatt18@gmail.com

# અમદાવાદ ઉતર્યા પછી શટલ રીક્ષામાં બેસી અમદાવાદ રેલવે સ્ટેશને પહોંચે છે, તેમને પ્લેટફોર્મ ઉપર બરોબર રાત્રીના નવ વાગ્યા પહેલાં હાજર થઇ જવાની સૂચના હતી તેથી તે પહેલાં આવી જાય છે

## ચાલો જનકપુર

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરના ગાંધીસ્મૃતિ પાસે આવેલાં મેઘાણી સર્કલના બગીચામાં આજે મીટીંગ મળી છે, જેમાં જનકપુરમાં રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં ભાગ લેનાર ભેગા થયા છે ક્યારેક પહોંચવું, કેવી રીતે જવું વિગેરે પ્રશ્નોની ચર્ચા-વિચારણા થઇ રહી છે, તેમાંથી કેટલાંક પોતાનું વાહન કરીને, કેટલાંક ટ્રેન દ્વારા તથા કેટલાંક પોતપોતાની રીતે અમદાવાદ પહોંચી જવાનું નક્કી કર્યું.

આ ધાર્મિક યાત્રામાં ભાવનગર વન વિભાગની કચેરીમાં કાર્ય કરતાં નટવર લાલ તેમજ તેમનાં પત્ની નંદુકાકી જવાના છે. મિત્રો તરફથી નટવર લાલને મશ્કરીમાં કહેવામાં આવતું હતું કે નિવૃત્ત થવાને હવે ફક્ત છ મહિના જ રહ્યાં છે. તેથી એલ.ટી.સી. LTC લઇ કોઇ હવા ખાવાનાં સ્થળે અથવા તો મોટા પ્રવાસે જવું, પરંતુ નટવરલાલ આ ધાર્મિક યાત્રામાં જોડાવવા ઘણાં જ આગ્રહી હતા તેથી તેમાં જવાનું નક્કી કર્યું છે. તદાનુસાર નટવરલાલ તેમજ તેમનાં પત્ની નંદુ કાકી બપોરની બે વાગ્યાની ભાવનગરથી ઉપડતી સાદી બસમાં અમદાવાદ જવા નીકળે છે. અમદાવાદ ઉતર્યા પછી શટલ રીક્ષામાં બેસી અમદાવાદ રેલવે સ્ટેશને પહોંચે છે. તેમને પ્લેટફોર્મ ઉપર બરોબર રાત્રીના નવ વાગ્યા પહેલાં હાજર થઇ જવાની સૂચના હતી તેથી તે પહેલાં આવી જાય છે.

અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર મેળા જેવું લાગ્યું. મુંબઇ, વડોદરા, સુરત, રાજકોટ વિગેરે સ્થળેથી આવેલ યાત્રાળુઓ ભેગા થયા છે, પરંતુ ટ્રેન પ્લેટફોર્મ ઉપર મુકાઇ નથી. સ્ટેશન ઉપર જાહેરાત થાય છે કે શાંતી રાખો, ટ્રેન મુકાવવાની વ્યવસ્થા થઇ રહી છે.

આ બાજુ કંટાયેલાં નટવરલાલના પત્ની નંદુ કાકી હવે સક્રીય થાય છે. તેઓને હવો નટવરલાલનો ભૂતકાળ યાદ આવે છે અને શરુ કરે છે મિત્રોએ એસ.ટી.સી. લઇ મોટા પ્રવાસે જવાનું સૂચન કર્યું હતું, મેં પણ કહ્યું હતું કે છેલ્લું એસ.ટી.સી. એટલે દિલ્હીના અક્ષરધામ પ્લેનમાં જવાની જાહેરાત છે. તેથી તેમાં જોડાઇ જવાની જાહેરાત છે તેથી તેમાં જોડાઇ જઇએ પરંતુ માન્યા જ નહિ અને આટલી સસ્તી યાત્રામાં મોહિ ગયા. લગ્ન પછી ફરવા જવાનું કહ્યું હતું, અંબાજી લઇ ગયા હતા પરંતુ ભિખારી જેવી ધર્મશાળામાં રહ્યા હતા. મને તો ખૂબ જ શરમ આવતી હતી, પણ શું થાય? દીકરીઓ વાર, તહેવાર, વ્રત કરે ત્યારે સુકો મેવો લાવવાનું કહેતી હતી ત્યારે સીંગદાણા તેમજ કેળા ખવડાવ્યા હતા. સારા કપડાં લઇ આવા માટે કહેતી ત્યારે ઓલા બચુભાઇને ત્યાંથી તૈયાર કપડાં દીકરીઓ માટે ખરીદતાં હતા. મારા બાપાને અત્યારે યાદ કરું છું કે મેં એવા કયાં પાપ કર્યા છે કે આવા લોભીયાને ત્યાં મને વળગાડી. દીકરીઓ તો પરણીને લહેર કરે છે પરંતુ આ લોભીયા સાથે પનારો પડ્યો છે. તે મરીશ ત્યાં સુધી છૂટકારો મળશે નહિં, અમદાવાદ આવવા માટે બધા વાહન કરીને આવ્યા, જયારે મને સાદી બસમાં લાવ્યા અને સટ્ટલ રીક્ષામાં અહીં સુધી પહોંચાડી. બબ્બે દિવસ ઘરનો નાસ્તો કરીને હું તો થાકી ગઇ પરંતુ એક પણ ખાવાની વસ્તુ બહારની ખરીદી નથી, આ મારી હૈયાવરાળ કયાં ઠાલવું, નટવર લાલ તો આવું બધું સાંભળવાને ટેવાઇ ગયા છે. તેથી ચુપચાપ સાંભળતા રહ્યા, ને દરમિયાન ફરીથી જાહેરાત થાય છે કે શાંતિ રાખો, ટ્રેન માટે પુછપરછ ચાલુ જ છે.

પ્લેટફોર્મ ઉપર માહોલ જામેલો છે. યાત્રાળુઓ કંટાયેળા છે, તેમાં એક અટ્ટાકટ્ટા, પીતાંમ્બર પહેરેલા મહારાજ ઊભા થયા અને જાણે આખ્યાન કરતાં હોય તેમ કહેવા લાગ્યા કે સંકટ સમયે હનુમાનદાદાને યાદ કરવાથી તેમજ આપણાથી જાણે - અજાણે કરેલ સન્માનનું પ્રાયશ્ચિત કરવામાં આવે તો બધું સારું થાય છે, આપણી ટ્રેન સત્વરે મુકાય તેથી પ્રાર્થના તથા પ્રાયશ્ચિત સત્વરે શરુ કરવા વિનંતી છે. આ સાંભળી નંદુ કાકી, નવટરલાલને હાથ પકડી બાજુમાં લઇ જાય છે, ત્યાં શરુ કરે છે કે મારાથી તમને ખૂબ જ અન્યાય અને દુઃખ પહોંચાડવામાં આવ્યું છે. સાધારણ સ્થિતિ હોવાં છતાં, તમે બંને દીકરીઓને સારો અભ્યાસ કરાવ્યો, જાતે મહેનત કરી, સારું ઘર બંને દીકરીઓ માટે ગોત્યું, અત્યારે બંને દીકરીઓ સુખી છે, તમારી આવી પરિસ્થિતિમાં પણ મારી ખૂબ જ કાળજી રાખી. હું અભણ હોવા છતાં તમે મારો સ્વીકાર કરી, મારીબાપુની ચિંતા ઓછી કરી હતી. તમે મુશ્કેલી સહન કરી, અમને જરા પણ મુશ્કેલીમાં મુક્યા નથી. મારી તબીયત સારી રહેતી ન હોવાથી, રાતદિવસ જાગીને મારી સેવા કરી છે. આ બધું કેમ ભૂલાય? તેમ છતાં હું તમને વગોવતી જ રહી તેનું મને દુઃખ છે. ભગવાને એટલી જ પ્રાર્થના કે ભવોભવ તમે જ ભરથાર મળજો. આટલું પુરું કરે છે તે દરમિયાન જાહેરાત થાય છે કે ખૂબ જ પ્રયત્નો કરવા જાણવા મળ્યું છે કે જયપુર - આબુથી આવનાર સ્પેશિયલ ટ્રેન કેન્સલ થઇ છે.

આ સાંભળી સ્ટેશન ઉપર ધમાચકડી મચે છે, ચિસો સંભળાય છે, મારો મારો ના અવાજ સંભળાય છે અને લોકો ધીરે ધીરે વિખરાવવા લાગે છે તેવી જ રીતે નટવરલાલ તથા નંદુ કાકી પણ પોતાની બેગ ઉચકી, ચાલવા લાગે છે. થોડુંક ચાલ્યા હશે ત્યાં નંદુકાકી બોલ્યા કે લોભીયા તે લોભીયા જ રહ્યા. બેગ ઊચકવા માટે મજૂર કર્યો હોત તો શું લુંટાઇ જવાનું હતું? બળ્યું નસીબમાં ફરવાનું લખ્યું જ નથી.

# પ્રાથમિક શાળા જોતાં એ પરસોત્તમ માસ્ટર અને એમણે આપેલા જીવનમંત્ર યાદ આવી ગયા, 'પ્રામાણિકતાથી જાત મહેનતનું કમાઇ સ્વમાનથી જીવશો તો ધન્ય જીવન બની જશે'

## સ્વમાની શિક્ષક

- જય ગજ્જર

વીસ વર્ષ પહેલાં હેરી તારંગા લોકલમાં વતન પાનસરમાં આવ્યો હરો. કાર હોવા છતાં જૂની યાદોને તાજી કરવા એ અમદાવાદથી ટ્રેઇનમાં આવ્યો હતો.સ્ટેશનથી ચાલતો ગામમાં જઈ રહ્યો હતો. એ દેરાસર, એ હાઇસ્કૂલ, એ પુસ્તકાલય, એ પંચાયત ઓફિસ, એ જૂની પ્રાથમિક શાળા! ચલચિત્રની જેમ ઘણું બધું આંખ સામે રહી રહ્યું હતું. પ્રાથમિક શાળા જોતાં એ પરસોત્તમ માસ્ટર અને એમણે આપેલા જીવનમંત્ર યાદ આવી ગયા. 'પ્રામાણિકતાથી જાત મહેનતનું કમાઈ સ્વમાનથી જીવશો તો ધન્ય જીવન બની જશે.' એ શબ્દો જીવનમાં ઉતારવાથી આજએ અમેરિકા પહોંચ્યો હતો એ એની પાસે ગાડી, બંગલા, ધીકતો ધંધો અને બહોળું કુટુંબ હતું.

ગામમાં પ્રવેશતાં જ એક જૂના મિત્રે સમાચાર આપ્યા, 'આપણા ગુરુજી પરસોત્તમ માસ્તરને અકસ્માત થતાં પથારીવશ છે.' એ સાંભળતા જ હેરી સીધો પરસોત્તમ માસ્ટરને ઘરે ગયો.

બે હાથ જોડી વંદન કરી સમાચાર પૂછ્યાં.

એક જુવાનિયાએ એની ગર્લફ્રેન્ડને બચાવવા જતાં કેવી રીતે ટક્કર મારી જીવલેણ અકસ્માત સર્જ્યો હતો એ વાત ખૂબ જ સહજતાથી કહી બોલ્યા, 'હું તો પાનખરનું પાન છું. ગમે ત્યારે ખરી પડવાનો છું પણ એક જુવાનજોશ છોકરી બચી ગઈ એનો મને આનંદ છે. ડૉકટરનું કહેવું છે કે વીસ હજાર ખર્ચું તો પ્લાસ્ટીકનો પગ મૂકી આપે. પણ એક તો એટલા પૈસા લાવું કયાંથી? અને મારે આ ઉંમરે વળી હવે એની શી જરુર છે?'

'ગોડ બ્લેસ યુ, સર. તમારા આપેલ જીવનમંત્ર જીવનમાં ઉતારી આ પાનસરનો હરિ અમેરિકાનો લક્ષાધિપતિ હેરી બની ગયો છે.' નમ્રભાવે કહી નમસ્કાર કરી, એક થેલીમાં પચ્ચીસ હજાર રુપિયા મૂકી એણે પલંગ નીચે એ સરકાવીને વિદાય લીધી.

બેચાર મિત્રોને મળી રેલ્વે સ્ટેશને પહોંચી હેરી ટ્રેઇનમાં બેઠો. ટ્રેઇન ઉપડવાની તૈયારી હતી ત્યાં એક ચૌદ વર્ષનો કિશોર ડબ્બે ડબ્બે ફરી હેરીના ડબ્બા પાસે આટકી હાંફતો હાંફતો બોલ્યો, 'અંકલ, લો આ તમારી બેગ. અમારા ઘેર તમે ભૂલી ગયા લાગો છો.'

હેરીને એક થેલી આપી એ શ્વાલ લેવા અટક્યો.

'થેંક્સ, કમલ. તને તારા દાદાએ મોકલ્યો ને?'

'હાં... એ તમારી ખૂબ પ્રશંસા કરતા હતા. એકાએક પલંગ નીચે આ તમારી બેગ જોતાં એમણે મને દોડાવ્યો.'

'બેટા, તારા દાદાને કહેજે કે આ થેલી મારી નથી. હું કોઈ થેલી લાવ્યો જ નહોતો.' કહેતાં એને થેલી પાછી આપી.

થેલી પકડી કલમ હેરીના શબ્દોનો અર્થ સમજવા વિચારતો રહ્યો ત્યાં ટ્રેઇન છુક છુક કરતી સરકી ગઈ.

# મોંઘવારી વધે ત્યારે માલદાર માણસની સિલક ખોરવાય છે, મધ્યમ વર્ગના માણસનું બજેટ ખોરવાય છે અને ગરીબ માણસનું જીવન ખોરવાય છે

## લાડકા પપ્પા હોવું એટલે...

- ગુણવંત શાહ

લાડકી દીકરી પણ ઘણું બધું લખાયું છે. વહાલી દીકરી માટે લાડકા પપ્પા ખૂબ જ મહત્ત્વનાં હોય છે. લાકડા પપ્પા જે વાત કોઇને ન કરે એ પોતાની વહાલી દીકરીને કરે છે. પપ્પાને એક જ વાતનો ગમ સતાવે છે કે દીકરી ઝટપટ મોટી થઇ જાય છે. એ મોટી થાય એના ત્રણ તબક્કા જાણી રાખવા જોઇએ :

પ્રથમ તબક્કો એટલે : યસ, પપ્પા!
બીજો તબક્કા એટલે : વ્હાઇ પપ્પા!
ત્રીડો તબક્કો એટલે : વ્હાઇ નોટ પપ્પા!

કોઇને પણ ખબર ન પડે એવો ચોથો તબક્કો કેળવ પ્રેમાળ પપ્પાને સમજાય છે. એ તબક્કો એ દીકરીની ગેરહાજરી વસમી લાગે ત્યારે કોઇને ન જાણે તેમ રડી લેવાનો તબક્કો.

નરસિંહ મહેતાએ પત્ની ગુજરી ગઇ ત્યારે કહ્યું : "ભલે થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ." આવો દ્રઢ વૈરાગી નરસૈંયો કુંવરબાઇનું મામેરું કરવા વેવાઇને ત્યાં પહોંચી ગયેલો. પ્રત્યેક પપ્પાને કુંવરબાઇ જેવી દીકરી મળવી જોઇએ. લગ્નને માંડવેથી દીકરીને વળાવતી વખતે ગમે તેવો નિષ્ઠુર બાપ પણ થોડીક ક્ષણ માટે નરસિંહ મહેતા બની રહે છે. સાસરે જતી દીકરી સુખી થશે કે દુઃખી? આ પ્રશ્નનો જવાબ છે : સસ્પેન્સ.

પપ્પા દાઢી કરે ત્યારે સામે બેઠેલો દીકરો ગાલ પર આકાર લેતી ફીણ-ઘટનાને વિસ્મયપૂર્વક જોતો રહે છે. એ દીકરાને પોતાના ગાલ પર ફીણ લગાડીને રેઝર ફેરવવાનું મન થાય છે. સમજુ પપ્પા એના ગાલ પર બ્રશ ફેરવીને સાબુનું સફેદ ફીણ લગાડી આપે છે, પરંતુ રેઝરમાંથી બ્લેડ કાઢી લે છે. બાળક નિરાંતે રેઝર ફેરવતો રહે છે અને ગાલ પરથી સફેદ ફીણ સાફ થતું જાય એમ હરખાતો જાય છે. દીકરાનો ભ્રમ પણ કુંવારા વિસ્મયથી ભર્યો ભર્યો હોય છે. જો આ દૃશ્યની ફિલ્મ પાડી લેવામાં આવે તો! મોટો થઇને જયારે દીકરો પિતાની સામે થાય ત્યારે એ ફિલ્મ કદાચ ખપ લાગે.

મોંઘવારી વધે ત્યારે માલદાર માણસની સિલક ખોરવાય છે, મધ્યમ વર્ગના માણસનું બજેટ ખોરવાય છે અને ગરીબ માણસનું જીવન ખોરવાય છે. જાહેરખબરની પજવણી પામવામાં સ્ત્રીઓ મોખરે છે. જાહેરખબર માલદાર ગૃહિણીના સમૃદ્ધ અહંકારને પરેશાન કરે છે, મધ્યમ વર્ગની ગૃહિણીને લલચાવે છે અને ગરીબ ગૃહિણીને પરેશાન કરે છે. જાહેરખબર આપનારી મોટી મોટી કંપનીઓની કુદૃષ્ટિ ટાર્ગેટ ગ્રુપ્સને ધ્યાનમાં રાખે છે. જાહેરખબર પપ્પાના કાનમાં કહે છે : "દુનિયા ફસતી હૈ, ફસાનેવાલા ચાહિયે." શું માણસનો જન્મ પ્રચારના ધોધ સામે ઊભો રહીને પોતાની સ્વતંત્રત વિચારશક્તિ અને વિવેકશક્તિની આહુતિ આપવા માટે થયો છે?

આપણી નિશાળોમાં અપૂર્ણાંક વિશે ભણાવવામાં આવે છે. જયારે જયારે ગરીબના ઘરમાં બે રોટલાં પાંચ જણ વચ્ચે વહેંચીને ખાવાની નોબત આવે ત્યારે ભૂખ્યાં બાળકોને અપૂર્ણાંક આપોઆપ આવડી જાય છે. શિયાળામાં કડકડતી ઠંડીમાં ફાટેલી ગોદડી ઓઢીને ભેગાં પડી રહેલાં છોકરાડાં અંદર અંદર જ ખેંચતામ કરે એની જાણ કેવળ અંધારાને જ હોય છે. ગરીબ હોય તોય પપ્પા તો પપ્પા જ રહે છે! જે પપ્પા બાળકોને એક કપ દૂધ ન આપી શકે એના હૃદયની પીડા ગરીબ થોડી હોય? જયાં જીવવાનાં ફાંફાં હોય ત્યાં લાડકોડ ગેરહાજર હોય છે. લાડકોડ શબ્દને સમૃદ્ધિ પ્રત્યે જબરો પક્ષપાત હોય છે.

દેશની ગરીબી કયારેય મટશે ખરી? પપ્પા-મમ્મીનાં લાડકોડ ન પામ્યાં હોય એવાં લાખો-કરોડો બાળકો મોટાં થાય પછી નાગરિક બને એ કેવાં હશે? ક્યારેક લાગે છે કે કશુંય બદલાતું નથી. માલદાર પપ્પાનો લાડકવાયો સ્ટેશનના પ્લેટફોર્મ પર આઇસ્ક્રીમના કપમાંથી ચમચો મારીને આઇસ્ક્રીમ વડે પોતાના હોઠ ગંદા કરે છે. એ જોઇને પાસે ઊભેલા ગરીબ બાળખનાં મોંમાં જે પાણી આવે એને કોઇ ગંગાજળ ન કહે. મોંમાં પાણી આવે, પણ વાનગી ન મળે ત્યારે ગરીબ બાળકને જે વ્યથા પહોંચે એ શબ્દથી પર હોય છે. ક્યારેક એ ગરીબ બાળક પણ પારકા ટીવી પર ચોકલેટની કે આઇસ્ક્રીમની આકર્ષક જાહેરખબર જોઇને કેવી ખલેલ પામતો હશે? કોઇ ગરીબ પપ્પા જો મન કઠણ કરીને આઇસ્ક્રીમનો એક કપ ખરીદે તો એમાં ભાગ પડાવનારા જીવ કેટલા?

કલ્પના કરવા જેવી છે. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર એક સુખી પરિવાર ટ્રેનની રાહ જોઇને ઊભો છે. બાળકો મોજથી આઇસ્ક્રીમ ખાઇ રહ્યાં છે. પપ્પા-મમ્મી પણ પોતાપોતાના કપમાંથી આઇસ્ક્રીમ ખાઇ રહ્યા છે. વૈશાખ મહિનાના ઉકળાટમાં ઉપર ફરતો પંખો પણ ગરમ ગરમ હવા ફેંકી રહ્યા છે. એ વખતે પાસે ઊભેલાં ચાર ગરીબ બાળકો ટગર ટગર આઇસ્ક્રીમના કપને જોઇ રહ્યાં છે. અચાનક પપ્પાના મનમાં પવિત્ર ઝબકારો થાય છે. એ ચાર કપ ખરીદે છે અને પેલા બાળકોનાં હાથમાં મૂકી દે છે. શું આવું બને એ અશક્ય છે? ના, એવું કશુંક જોયું પછી જ આટલું લખ્યું છે.

# ૯૦૦૩ કરોડનું કાળુ નાણું ઈડીએ પકડયું

કાળા નાણાના સંગ્રાહખોરો અને કાળા નાણાં ધોળા કરનાર સામે ૨૦૦૧૪-૧૫ માં ઈડીએ મોટા પાયે રેડ પાડી લગભગ ૯૦૦૦ કરોડનું કાળુ નાણું બહાર લાવવામાં સફળતા મેળવેલ છે અને મનીલેન્ડર્સ વિરૂધ્ધ કાયદાકીય કાર્યવાહી અંતર્ગત એન્ફોર્સમેન્ટ ડિટોકટોરેટ (ઈડી) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ૯૦૦૩ કરોડ જેટલું કાળુ નાણું જપ્ત કરી સરકારી તિજોરીમાં જમા કરાવેલ છે. આવું મોટુ કાળુ નાણું સૌ પ્રથમ વખત કોઈપણ સરકાર પકડવામાં સફળ થયેલ છે. ઈડીએ મની લોન્ડરર્સ સામે ૧૭૩ ચાર્જસીટો ફાઈલ કરેલ છે. કાળા નાણાના કેસોમાં ૪૦૦ ટકા, એફઆઈઆમાં ૫૦૦ ટકા, ધરપકડના આંકડામાં ૬૦૦ ટકા જેટલો વધારો થયો છે. વર્ષ દરમ્યાન કાળા નાણાની તપાસ માટે રચાયેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસઆઈટી) ને તેમજ નાણા મંત્રાલયને પણ પોતાનો રીપોર્ટ સોંપેલ છે.



## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



આ રીપોર્ટ મુજબ ૨૦૧૪-૧૫ માં ઈડીએ પ્રિવેન્સન ઓફ મની લોન્ડરીંગ એક્ટ પી.એમ.એલ.એ. હેઠળ બાવન સખ્સોની ધરપકડ પણ કરેલ છે, જયારે જપ્તીના ૪૯૨ ઓર્ડર ઈસ્યુ કર્યા હતા. કાળા નાણાના મુદ્દે ૧૨મી મે સુધીના એસ.આઈ.ટી. એ સ્ટેટસ રીપોર્ટસમાં આ આંકડાનો સમાવેશ કરેલ છે.

આ આંકડાઓ માત્ર દેશના જ કાળા નાણાં પકડેલ છે તેના છે હજુ સુધી દેશ બહાર વિદેશમાં રોકાયેલ કાળા નાણાંનો તો માત્ર સર્વે જ થયેલ છે. જે મનઘડન આંકડા જ છે, નક્કર અને વાસ્તવિક્તાથી જોજનો દુર છે. સ્વીસ બેન્કમાં જમા પડેલ કાળા નાણાં અંગે હજુ કોઈ જ અહેવાલ બહાર પાડેલ નથી કે આ નાણાં ક્યારે ભારતમાં પરત લાવવામાં આવશે તેમજ મની લોન્ડરીંગ સામે શું પગલા ભરવામાં આવશે તે અંગે કોઈ જ કાયદો અમલમાં મુકેલ નથી. ૧૨મી મે પહેલા સુપ્રિમ કોર્ટમાં એસઆઈટી દ્વારા રજુ કરવામાં આવનાર આંકડા જ ચોકાવનારા છે તો વિદેશમાં રોકાયેલ વાસ્તવિક આંકડા બહાર આવે તો શું પરિસ્થિતિ રાજકીય રંગ લાવશે તે આવનાર સમયમાંજ માલુમ પડશે.

એસ.આઈ.ટી. દ્વારા આપવામાં આવેલ અને પકડાયેલ ૯૦૦૩ કરોડના કાળા નાણાં બેનામી મિલ્કતો ધારણ કરનાર પાસેથી હવાલા કાંડ, સટ્ટાકાંડ તથા લાંચરૂસવતના કેસોમાં પકડાયેલ આંકડા જ છે. હજુ કોલગેટ કાંડ, કનીમોજી કાંડ, સ્પેકટ્રમ કાંડ, કોમન ગેમ્સના કૌભાંડોની તપાસ એસઆઈટી દ્વારા ચાલુ છે.

કાળા નાણાના સંગ્રાહખોરો, મની લોન્ડરર્સ પર ૨૦૧૪-૧૫ માં મોટા પાયે તવાઈ એસઆઈટી દ્વારા કરવામાં આવેલ છે. ૧૭૩ ચાર્જશીટો કસુરવાર સામે કરવામાં આવેલ છે અને ૫૨ વ્યક્તિની મની લોન્ડરર્સ એક્ટ મુજબ ધરપકડ કરવામાં આવી છે. હાલમાં પકડાયેલ સટ્ટા કાંડનો જ આંકડો ૩૦૦૦૦ કરોડને પાર કરશે પરંતુ તેની તપાસ હાલ ચાલુ છે. વિદેશમાં હવાલા કાંડમાં મોકલેલ ૪૦૦૦ કરોડ, કાળા નાણાંની તપાસ પણ ચાલુ છે. ગુજરાતમાંથી મોટા પાયે પકડાયેલ સટ્ટા કાંડનો રેલો ચુકે, દુબઈ તથા સ્વીસ બેંક સુધી ફેલાયેલ છે. કાળા નાણાં દેશમાંથી વિદેશમાં પગ કરી જવામાં સફળતા મળેલ છે. આવા નાણા વિદેશથી ભારત લાવવા કેટલીય કાયદાકીય આંટીઘુંટી એફઈઆરએ, એફઈએમએ જેવા કાયદાની ટેકનિકલ બાબતોમાંથી પસાર થયા બાદ આવા નાણા પરત લાવવામાં કેટલા અંશે એસઆઈટીને સફળતા મેળ છે તે જોવાનું રહ્યું. મની લોન્ડરર્સની સંપતી નામી, બેનામી કેટલી છે તે શોંધવું મુશ્કેલ છે. તેમાં પણ બેનામી સંપતી એક્ટ ૧૯૮૮ ની જોગવાઈનું પાલન કરવાનું રહે છે. મોટા ભાગના કાળા નાણાં બેનામી સંપતીમાં રોકાયેલ હોય છે. જે જપ્ત કરવા કાયદાકીય આંટીધૂંટીમાંજ વર્ષો નિકળી જાય છે અને સરકાર પક્ષે તપાસમાં છેડા જોવા મળે છે. દાઉદની ભારતની સંપતી જપ્ત કરવામાં હજુ સુધી ભારત સરકાર નિષ્ફળ રહેલ છે.પકડાયેલ ૯૦૦૩ કરોડ પ્રજાલક્ષી કાર્યોમાં ઉપયોગમાં લેવામાં આવે તો દેશના કરમાળખામાં પણ ઘટાડો થઈ શકે અને આમજનતાને તેનો ફાયદો ચોક્કસ થાય. સ્વીસ બેન્કના નાણાં સરકાર પરત લાવવામાં સફળતા મેળવે તો ભારતના કોઈ જ કરદાતાને કર ભરવો ન પડે ઉપરતી દરેકના ખાતામાં રકમ જમા કરવાનો સરકારના ઘોષણા પત્રમાં જણાવેલ જોગવાઈઓનો ફાયદો થાય પરંતુ આ આંકડા મૃગજળ સમાન છે. વિદેશી કાળુ નાણું પરત લાવવામાં કંઈ કેટલાય જટીલ કાયદાની પ્રક્રિયામાંથી સરકારે પસાર થવું પડે છે તેમજ "ચોરના ચાર પગ" વાળી ઉક્તી પણ આમા કારગત નિવડે છે. જપ્તી પહેલા જ મોટા ભાગની રકમ મની લોન્ડરર્સ દ્વારા સગેવગે કરી દેવામાં આવે છે. "ઘોડા છુટ્યા પછી તબેલાને તાળા" જેવો સરકારનો ઘાટ થાય તેવી શક્યતા રહેલી છે.